આવી આવી આસોની રઢિયાળી રાત મોરી માત....

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૯૫ | ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૪, શુક્રવાર; આસો સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

**● અમૂલ વિશ્વની સૌથી ઝડપથી વિકસી રહેલી ડેરી સંસ્થા બની**

વિશ્વ પ્રસિદ્ધ ઈન્ટરનેશનલ ફાર્મ કમ્પેરીઝન નેટવર્ક દ્વારા તાજેતરમાં હાથ ધરવામાં આવેલ સર્વેમાં વર્ષ ૨૦૧૪માં અમૂલની ગણના વિશ્વની સૌથી ઝડપથી વિકસતી ડેરી સંસ્થામાં કરવામાં આવી છે. અમૂલે વિશ્વની ટોચની ડેરી સંસ્થાઓમાં ૧૫મું સ્થાન હાંસલ કર્યું છે. જે બે વર્ષ પહેલા રહ્યું હતું. ભારત વિશ્વમાં સૌથી વધુ દૂધ ઉત્પાદન કરતો દેશ છે અને અમૂલ ફક્ત ભારતમાંથી જ દૂધ પ્રાપ્તિ કરે છે.

**● હવે ભૂકંપની આગાહી મોબાઈલ ફોનથી શક્ય બનશે**

હવે મોબાઈલના કારણે પણ ભૂકંપની સચોટ આગાહી કરી શકાય તેવુ સેન્સર ગાંધીનગરની આઈઆઈટી દ્વારા બનાવવામાં આવ્યું છે. આ સેન્સરમાં મોબાઈલમાં હોય છે તેવુ એક્સેલરો મીટર છે જેને મોબાઈલ સાથે જોડવાથી કોમ્યુનીટી સેસ્મીક નેટવર્કની વેબસાઈટ પરથી એપ્લીકેશન ડાઉનલોડ કરવાથી ડેટા કલેક્શન નેટવર્કમાં સામેલ કરી શકાશે.

**● મોદી સરકાર જરીપુરાણા કાયદાઓને ખતમ કરશે**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષો જુના અને જરીપુરાણા બની ગયેલા કાયદાઓની સમીક્ષા કરવી જરૂરી છે અને તેને ખતમ કરવા જોઈએ તેવું કહ્યું છે. તેમણે કહ્યું હતું કે જે કાયદાઓ ૫૦ વર્ષથી વધુ જૂના છે તેમજ બેકાર અને જટીલ છે એવા કાયદાઓ વર્તમાન સમયમાં અપ્રાસંગિક બની ગયા છે. તેથી સરકારે તેને ખતમ કરવાનો નિર્ણય લીધો છે.

**● રાજ્યમાં શૌચાલયની સુવિધા ઉભી કરવા 'ટોઈલેટ ડોનેશન'**

ગુજરાત રાજ્યમાં ઘરે ઘરે શૌચાલયના અભાવે લોકોને જાહેરમાં શૌચ કરવાની ફરજ પડે છે. જેમાં મહિલાઓને ક્ષોભિત થવું પડે છે. સમગ્ર રાજ્યમાં શૌચાલયની સુવિધા ઉભી થાય તે માટે રાજ્ય સરકારે હવે 'ટોઈલેટ ડોનેશન' દ્વારા શૌચાલય નિર્માણ ફંડ ઉભુ કરશે. આગામી બે વર્ષમાં રાજ્યના તમામ ઘરો સૌચાલયયુક્ત બનાવી દેવાનું રાજ્ય સરકારનું સ્વપ્ન છે અને આગામી થોડા મહિનાઓમા ંજ નવસારી અને વલસાડ જિલ્લામાં ડોનેશનથી ૯૭૦૦૦ ટોઈલેટનું નિર્માણ કરાશે.





માએ ગરબો કોરાવ્યો ગગન ગોખમાં - નવરાત્રિ મહાપર્વનો શુભારંભ નગરની મહિલાઓ દ્વારા ભારે ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં થયો... ગરબો એટલે ગુજરાતણના ઉલ્લાસની અભિવ્યક્તિ... નર્તનની અભિવ્યક્તિ... લય અને તાલ સાથે ગરબે ઘુમવાની અનોખી શૈલી એટલે ગરબો... નવરાત્રિના પ્રથમ દિવસે જ્યોતિ મહિલા મંડળની ૧૧૦૦થી વધુ બહેનો દ્વારા ગરબાની રમઝટ બોલાવાઈ હતી.... આ પ્રસંગે મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી. (તસવીર : દિપક જાની)

# જિલ્લામાં જન-ધન યોજનાનો જય જયકાર

## જિલ્લામાં ૯૨ ટકા રહેણાંક ધરાવતા લોકો બેંક ખાતા ધરાવે છે : આગામી બીજી ઓક્ટોબરે જિલ્લાનો લક્ષ્યાંક પૂર્ણ કરાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાને આગામી ૨જી ઓક્ટોબર-૨૦૧૪ ના રોજ જન-ધન યોજનામાં ૧૦૦ ટકા બેંક એકાઉન્ટસ્ ધરાવતા જિલ્લા તરીકે ઘોષિત કરવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે.

જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરના અધ્યક્ષપદે મળેલ રિવ્યુ બેઠકમાં રજુ થયેલી વિગતો મુજબ જિલ્લામાં ૯૨ ટકા રહેણાંક ધરાવતા લોકો બેંક ખાતા ધરાવે છે અને આગામી ૨જી ઓક્ટો. સુધીમાં તમામ ઘર ધરાવતા પરિવારોને આવરી લેવામાં આવશે.

આજે જિલ્લા લીડ બેંકના પ્રતિનિધિઓએ આ કવાયતના ભાગરૂપે તલાટી કમ મંત્રીઓની માસિક બેઠકમાં હાજરી આપી હતી તેમજ આજથી જિલ્લામાં શરૂ થયેલ ગ્રામસભા અભિયાનમાં પણ આ વાત રજુ કરવા માટે દરેક લાયઝન અધિકારીને સૂચનાઓ આપવામાં આવી છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યુ હતુ કે તમામ બેંકો તેમની કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ થાય તે રીતે લક્ષ્યાંક સુધી પહોંચે તે જરૂરી છે. તેમણે જ્યાં જ્યાં તંત્રની મદદ જરૂરી હોય ત્યાં માંત્ર તંત્ર બેંકોની સાથે રહેશે.

૧૫મી ઓગસ્ટે જનધન યોજનાની પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી ઘોષણા કરી હતી અને ૨૮મી ઓગસ્ટે તેને વિધિવત રીતે ખુલ્લી મુકી હતી.

જિલ્લામાં ૨,૯૦,૦૦૦ જેટલા મકાનધારકો પૈકી ૨ લાખ ૬૩ જાર જેટલા મકાન ધારકો બેંકમાં ખાતાં ધરાવે છે. બાકી રહેલા મકાન ધારકોને આવરી લેવા માટેની આખી કાર્યયોજનાને ગઈકાલની બેઠકમાં આખરી ઓપ આપી દેવામાં આવ્યો હતો.

આ બેઠકમાં દેના બેંકના ઝોનલ મેનેજર શ્રી ધનંજયકુમાર, રિઝર્વ બેંકના પ્રતિનિધિ શ્રી શાહ, સ્ટેટ બેંકના ચીફ જનરલ મેનેજરશ્રી, બેંક ઓફ બરોડા, બેંક ઓફ ઈન્ડિયાના પ્રતિનિધિઓ ઉપરાંત લીડબેંક મેનેજરશ્રી પુરોહિત, અધિક નિવાસી કલેક્ટરશ્રી ડૉ. એમ.બી. મોડિયા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભાજપના વિજય રૂપાણીએ ધામધૂમથી ઉમેદવારી પત્ર ભર્યુ

## કોંગ્રેસના ઉમેદવાર આજે ઉમેદવારી પત્ર ભરશે

ગાંધીનગર, તા. ૨૫

રાજકોટ પશ્ચિમ બેઠક માટે આખરે કોંગ્રેસે પૂર્વ ધારાસભ્ય જેંતીભાઈ કાલરીયા પર પસંદગીનો કળશ ઢોળીને ઉમેદવાર તરીકે નામ જાહેર કરતાં આવતીકાલે તેઓ ઉમેદવારી પત્ર ભરશે.

ખાલી પડેલી રાજકોટ પશ્ચિમ બેઠકની પેટા ચૂંટણી આગામી ૧૫મી ઓક્ટોબરના રોજ યોજાનાર છે. આ પેટા ચૂંટણી માટે ભાજપે તેના ઉમેદવાર તરીકે પૂર્વ સાંસદ વિજય રૂપાણીને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે.

આજે પ્રદેશ ભાજપ અધ્યક્ષ રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ આગેવાનો અને સમર્થકોની ઉપસ્થિતિમાં વિજય રૂપાણીએ રાજકોટ પશ્ચિમ બેઠક માટે પોતાનું ઉમેદવારી પત્ર ભર્યુ હતુ.

ભાજપના ઉમેદવાર વિજય રૂપાણી સામે સ્થાનિક કાર્યકરોમાંથી ભારે વિરોધ છે ત્યારે કોંગ્રેસે આ બેઠક ભાજપ પાસેથી આંચકી લેવા કોંગ્રેસ આ બેઠક પર પટેલ સમાજમાંથી પૂર્વ ધારાસભ્ય જેંતીભાઈ કાલરીયાને ઉમેદવાર તરીકે પસંદગી કરીને ચૂંટણી મેદાનમાં ઉતારતા આ બેઠક પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ જામશે.

કોંગ્રેસના ઉમેદવાર જેંતીભાઈ આવતીકાલે પોતાનું ઉમેદવારી પત્ર ભરશે.

રાજકોટ પશ્ચિમ બેઠકની પેટા ચૂંટણી જંગ જીતવા માટે ભાજપ અને કોંગ્રેસ બન્ને એડીચોટીનું જોર લગાવશે. ભાજપ આ બેઠક જાળવી રાખવા કમર કસી રહ્યું છે.



મા તારો ગરબો ઝાકમ-ઝોળ - નવરાત્રિના પ્રારંભના પગલે દશેય દિશાઓમાં મા-આદ્યશક્તિની ઉપાસનાનો માહોલ જામી ગયો છે... આદ્યાત્મિક અને સાંસ્કૃતિક ચેતનાના આ સંકલિત મહાપર્વમાં અબાલવૃદ્ધ સૌ જોડાય છે... ગાંધીનગરના પાદરે બાપુ નૉલેજ વિલેજ ખાતે કૉલેજના આંગણે રાસ-ગરબાની રમઝટ બોલાવી નવરાત્રી પર્વનો ભવ્યાતિભવ્ય પ્રારંભ કર્યો હતો.














